ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૪-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

આપણે પુસ્તકોને બચાવીએ - પુસ્તકો આપણને બચાવશે

વિશ્વપુસ્તક દિવસે એક સત્ય કડવી હકીકત બનીન ઊભેલું વરતાય છે તે છે એ કે બદલાયેલા જમાના સાથે પુસ્તકને પણ બદલાવવું પડશે. વળી લોકોને હવે સાહિત્ય કરતાં વધુ રસ જીવનોપયોગી - કારકિર્દીલક્ષી પુસ્તકોમાં છે. રાતોરાત કરોડપતિ કઇ રીતે બની શકાય, જીવનમાં સફળ બનવાની ચાવી કયાં મળી રહે, તંદુરસ્તી કઇ રીતે જાળવવી અને રસોઇની ભાતભાતની વાનગીઓ કેવી રીતે બનાવવી ત્યાંથી લઇ ધ્યાન, યોગ અને હૃદયરોગ જેવા વિષયો પર લખાયેલાં પુસ્તકો ઊપડે છે. અગાઉ જેની ઉત્કટતાપૂર્વક રાહ જોવાતી એ નવલકથા જેવા લોકપ્રિય સાહિત્ય પ્રકારે એનું માર્કેટ ગુમાવી દીધું છે. કવિતાને તો કોઇ અડકવા સુદ્ધાં તૈયાર નથી. મુશાયરો માણવા લોકો ટિકીટ ખર્ચીને જાય છે અને 'કયા બાત હૈ' કે વંચાતા નથી. તેમ છતં પ્રકાશનગૃહો એમના પ્રકાશન વ્યવસાયને વળગી રહ્યાં છે તે પુસ્તકના ભાવ માટે સારી નિશાની ગણાય. આજે અંગ્રેજીમાંથી ઢંગધડા વગરના અનુવાદો અને બેસ્ટ સેલર નવલકથાઓએ ગુજરાતી સહિત તમામ પ્રાદેશિક ભાષાઓના વાર્તા સાહિત્યને બલકે સમગ્રપણે સર્જનાત્મક સાહિત્યને ભારે જફા પહોંચી છે. ભાષાના વિદ્યાર્થીઓ અને સંશોધકોની સંખ્યા વરસોવરસ ઘટતી રહી છે. એનું એક કારણ છે 'જોબ ઓરિએન્ટેડ' શિક્ષણ તરફનું આકર્ષણ. ભાષા ભણીને નોકરી મેળવવાં ફાંફાં મારવાં એ કરતાં કોઇ ટેકનિકલ વિષયમાં તજજ્ઞતા કેળવવી રોજીરોટી રળવાનું ઘણું સહેલું બની ગયું છે. વળી માણસ પાસે હવે (પૂરું) છાપું પણ વાંચવાનો વખત ન બચતો હોય ત્યાં બસો-ત્રણસો પાનાનું પુસતક કયારે વાંચે! 'ચિત્રલેખા' અને 'અભિયાન' જેવાં મસાલેદાર સામાહિકો વાંચી મન વાળી લે છે. અગાઉના જમાનામાં પુસ્તકો ઉચ્ચ અને મધ્યમવર્ગ માટે બેડરુમનો અનિવાર્ય હિસ્સો બની રહ્યું હતું. લોકો વાંચતાં વાંચતાં ઊંઘી જતા. હવે વાચનનું સ્થાન ટીવી સિરીયલોએ લઇ લીધું છે. આમ પુસ્તક સામે વિવિધ સ્તરીય પડકારો ઊભા થયા છે છતાં પુસ્તક મરવાનું થી તે પણ હકીકત છે. આપણી સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ પુસ્તકોમાં પડેલું છે. મોરારિ બાપુ જેવા સંતોની વાણી પુસ્તકોના આધારે પ્રગટે છે. ભારત તો એ મુદ્દે ગૌરવ લઇ શકે એમ છે કે વિશ્વનું પ્રથમ પુસ્તક - ઋગ્વેદ - એ ભારતની દેણ છે. કાગળની શોધ નહોતી થઇ ત્યારે તાડપત્રો અને તમાલપત્રો પર કે શિલાપટ્ટો પર ગ્રંથો - શિલાલેખો આલેખાયા; કાગળની શોધ પછી મુદ્રણકળા વિકસી. એ પહેલાં મોટા ભાગનાં પુસ્તકો લહિયાઓ દ્વારા લખાયેલાં છે. આવાં અસંખ્ય પુસ્તકો આજે પણ જૈન દેરાસરો એન નાલંદા મ્યુઝિયમ જેવાં સંગ્રહાલયોમાં સચવાયેલાં છે. વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટી એવી નાલંદાને વક્નિયાર ખિલજીએ બાળી મૂકી ત્યારે અને એ પહેલાં અહીં આવેલા હ્યુ એન સંગ અને ફાહિયાન જેવા જ્ઞાનપિપાસુઓએ પોઠોની પોઠો ભરીને જ્ઞાનનો ખજાનો જીવનના જોખમે એમના દેશભેગો કર્યો હતો. જૂનાં રજવાડાંમાં કવિઓને રાજ્યાશ્રય મળતો. અલ-બેરૂની જેવા પ્રવાસીઓએ અહીં આવીને જે દસ્તાવેજી પુસ્તકો લખ્યાં હતા તે એમની હસ્તપ્રતરુપે આજે પણ સચવાયેલાં છે. હવે જયારે ઇલેકટ્રોનિક મીડિયા પુસ્તકો સામે જોખમ બનીને ઊભું છે ત્યારે એ જ મીડિયા પુસ્તકોને ડિઝિટલાઇઝ્ડ સ્વરુપે ચિરંજીવ પણ બનાવી શકે એમ છે. આ કામ વિવિધ સ્તરે ચાલું થયું પણ છે. 'એમેઝોન' પર ક્લિક કરતાંવેંત મનગમતું પુસ્તક વાંચવા મળે છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે. એટલે એ તો જીવવાનો જ છે. એને કેવી રીતે ગ્રંથસ્થ કરવો અને સાચવી લેવો તે આપણે જોવાનું રહે છે, ચાલો, પુસ્તકોને બચાવી લેવાની, પુસ્તક બરબો અને પ્રદર્શનો યોજી નવેસરથી વાચનભૂખ જગાડવાની ઝુંબેશ ઉપાડીએ. આપણે પુસ્તકોને બચાવીએ; પુસ્તકો આપણને બચાવશે. ગ્રંથિઓ છોડીએ, ગ્રંથો ભણી વળીએ!

'બ્રહ્મતેજના તણખા' પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૨૨

પરશુરામ ફાઉન્ડેશન દ્વારા પરશુરામ જયંતિએ જાણીતા લેખક દોલત ભટ્ટ લિખિત બ્રહ્મતેજના તણખા પુસ્તકનો વિમોચન સમારોહ યોજવામાં આવ્યો હતો. શારદાપીઠ દ્વારકાના સચિવ દંડી સ્વામિ સદાનંદ સરસ્વતીજી મહારાજના વરદ્હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતુ. અમદાવાદ જોધપુર સ્થિત રાધાકિશન પાર્ટીપ્લોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો, કલાકારો, ધારાસભ્યો, બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને પરશુરામ ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી અસ્મિતા અને સંસ્કૃતિને ઉજાગર કરતા નવા સામાયિક 'પારિજાત'નો ગાંધીનગરથી ઉદય

ગાંધીનગર, તા. ૨૨

સમૃદ્ધ વાંચન સામગ્રીથી ભરપુર અને સંપૂર્ણપણે પારિવારિક કહી શકાય તેવા ગુજરાતી સામાયિક માત્ર ગણ્યા ગાઠ્યા જ નીકળે છે. કોઈ વેપારી વર્ગ, સમાજ જુથ કે માત્ર વડીલો કે યુવાનો માટે પ્રસિદ્ધ થતાં મેગેઝીન આપણે ત્યાં જોવા મળી જાય છે. પરંતુ સંપુર્ણ પારિવારિક કહી શકાય તેવા વાંચન સમૃદ્ધ સામાયિકોની અછત રહી છે. જાણીતા લેખકોને સમાવતા અને આપણી ગુજરાતી અસ્મિતા તથા સંસ્કૃતિને ઉજાગર કરતા એક આલા દરજ્જાના સામાયિક 'પારિજાત'નો પ્રારંભ ગાંધીનગરમાંથી કરવામાં આવ્યો છે. સેક્ટર-૭ સ્થિત આશુતોષ મિડીયા દ્વારા એપ્રિલ માસમાં શરૂ થયેલા 'પારિજાત' મેગેઝિનનો પ્રથમ અંક હાથમાં આવતા જ તેની સમૃદ્ધ વાંચન સામગ્રી તુરંત જ આપણુ ધ્યાન આકર્ષિત કરે છે. સાહિત્યના ઉચ્ચ કક્ષાના સામાયિકમાં હોય તેવી વાંચન સામગ્રીને સરળ ભાષામાં ખુબ જ આકર્ષક લે-આઉટ સાથે પ્રસ્તુત કરવામાં આવી છે. તંત્રી અને પ્રકાશક

આનંદ જોશી તેઓના સંપાદકિય લેખમાં કહે છે કે 'પારિજાત'નો પમરાટ એ ગુજરાતી પ્રજાની સામાજિક-સાંસ્કૃતિક અસ્મિતાને વર્ધિત-સંવર્ધિત કરવાની એક નાનકડી ઝુંબેશ છે.

પ્રથમ અંક રામ નવમીના રોજ પ્રસિદ્ધ કરી 'રામાયણ વંદના' રૂપે પૂ. મોરારિબાપુ, મનસુખ સલ્લા અને બકુલ ત્રિપાઠીના ખુબ જ વખાણવા લાયક લેખોને પંદર પાનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રમેશ ઓઝા, જય વસાવડા, બિરેન કોઠારી, શરીફા વીજળીવાળા, અજય ઉમટ, ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, ડૉ. એચ.એલ. ત્રિવેદી, ડૉ. તેજસ પટેલ, ગુણવંતભાઈ શાહ તથા તારક મહેતા જેવા લેખકો-પત્રકારોની કલમે લખાયેલા અને તેમના જીવન વિશેના લેખ સમગ્ર 'પારિજાત' મેગેઝિનને એક નવી ઉંચાઈ બક્ષે છે. પ્રથમ અંકની જેમ જ અન્ય અંકો પણ આ મેગેઝિનને આવી જ ઉંચાઈ બક્ષે તો ગુજરાતી વાંચકો માટે સમૃદ્ધના વાંચનના નવા દ્વાર ખુલી જશે તેમાં કોઈ બેમત નથી.

હરિની દૃષ્ટિ...

તું હજુ સમજ.. બોડી ઇન્ડેક્ટ પ્રમાણે તારું વજન ત્રણસો બોત્તેર ગ્રામ વધુ હોય તેના માટે... જીમમાં બોતેરસો રૂપિયા ભરવા એ ડહાપણનું કામ નથી...!!

ઓનલાઈન ફી ચૂકવણી માટે એસબીઆઈની કલેકટ સેવા

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી શૈક્ષણીક સત્રથી તમામ પ્રકારની ફી ઓનલાઈન સ્વિકારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે હવે આ ઓનલાઈન ફી માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વેબસાઈટ ઉપર એસબીઆઈ કલેક્ટના વિકલ્પ હેઠળ ફી ચુકવણીની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. જેમાં શિક્ષણ બોર્ડની ફી એસબીઆઈ કલેક્ટનાં વિકલ્પ મારફતે ચુકવ્યા પછી ચુકવણીની પહોંચ, અરજદાર સેવાનો લાભ લેવા ઈચ્છતા હોય તે અંગેનું ફોર્મ બોર્ડની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરી તેમજ જરૂરી તમામ દસ્તાવેજોની સ્વ-પ્રમાણીત નકલો સાથે બોર્ડની કચેરીએ મોકલવાનું રહશે.

સેક્ટર-૨૧ જીમખાનામાં બે દિવસ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૧ સચિવાલય જીમખાના ખાતે બેદિવસીય ફ્રી મેડીકલ બોડી ચેક-અપ નિદાન કેમ્પ યોજાશે. કેમ્પમાં ડાયાબિટીસ, બી.પી., દંત ચિકિત્સા અને હાડકાના રોગોનું નિદાન કરી સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. ગાંધીનગર સેક્ટર-૨૧ સચિવાલય જીમખાનામાં તા. ૨૫, ૨૬ એપ્રિલ સવારે ૮.૦૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક મેડીકલ બોડી ચેક-અપ કેમ્પ યોજાશે. કેમ્પમાં જાણીતા ડૉક્ટર્સ ડૉ. બિસલ મોદી, ડૉ. અમિતા મોદી, ડૉ. ભાવિષ પંચાલ, ડૉ. નિરાલી શાહ સેવા આપશે.

કેમ્પમાં લાભાર્થીઓ માટે હાડકા કેટલા મજબૂત છે તેમજ તેમાં કેલ્શિયમમાં ઘટતાનું પ્રમાણ કેટલુ છે તેનો રિપોર્ટનો ખર્ચ રૂ. ૧૫૦૦ થાય છે. જે તદ્દન મફત કરવામાં આવશે. બોડી માસ ઈન્ડેક્ષ, બ્લડ સુગર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદયરોગની તકલીફ, દંત ચિકિત્સા, સહિતનું ચેક-અપ કરવામાં આવશે. બે દિવસીય નિદાન કેમ્પમાં જનતાને ઉપસ્થિત રહી લાભ લેવા જીમખાના મેનેજરે જણાવ્યું છે.

ધડકણ ગામે ઉમિયા માતાજીનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે ઉમિયા માતાજીના મંદિરના પટાંગણમાં દ્વિતીય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ ધડકણ ગામના ઉમિયા પાટીદાર પરિવાર અને નવરાત્રી યુવક મંડળના સંયુકત ઉપક્રમે કરાયું હતું. પાટોત્સવમાં કુલ ૨૮ યજમાનોએ શાસ્ત્રોકત વિધિ મુજબ પૂજા અર્ચના હવનનો ધર્મ લાભ લીધો હતો. આ પ્રસંગે કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આ પાટોત્સવમાં મુખ્ય યજમાન પદે જગદીશભાઈ પટેલ સહિત રાકેશભાઈ પટેલ, કચરાભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, ચીનુભાઈ પટેલ, કાળીદાસ પટેલ વગેરેએ દાનની સરવાણી વહાવી હતી. પાટોત્સવમાં ગ્રામજનો ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ખેલ મુહાકુંભના વિજેતા ખેલાડીઓને એક પખવાડિયાની તાલીમ અપાશે

૨૮ એપ્રિલથી પંદર દિવસ શહેરની શાળા-કોલેજોમાં રમત પ્રમાણે તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી ગાંધીનગર દ્વારા શહેર, મહાનગર પાલિકા અને જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓ માટે એક પખવાડિયાનો તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ ગાંધીનગરની વિવિધ શાળા કોલેજમાં યોજાશે.

રાજ્યના છેવાડાના ગામડાનો હોય કે શહેરનો યુવાન કે યુવતિ પોતાનામાં રહેલી શક્તિઓને વિશ્વ સમક્ષ લાવે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ યોજવામાં આવે છે. ખેલમહાકુંભ દ્વારા રાજ્યને કોહીનૂર હીરા સમાન ખેલાડીઓ પ્રાપ્ત થયા છે. ગાંધીનગર શહેર અને જિલ્લાના ખેલ મહાકુંભના વિજેતા રમતવીરો માટે પંદર દિવસીય સમર કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બીન નિવાસી કેમ્પ આગામી ૨૮ એપ્રિલથી ગાંધીનગરની અલગ અલગ શાળા કોલેજોમાં રમત પ્રમાણે યોજાશે.

જેમાં એથ્લેટીક્સ રમત માટે એસ.એ.આઈ. સેક્ટર-૧૫, ફૂટબોલ સેક્ટર-૨૦ ચિલ્ડ્રન યુનિવર્સિટી, હેન્ડબોલ સેક્ટર-૧૫, એસ.એ.આઈ, હોકી સે. ૧૫ આર્ટસ કોલેજ, કુસ્તી-એસ.એ.આઈ.-સે.૧૫, જૂડો અને ટેક્વાંડો સે. ૧૫ ગોપાલક વિદ્યાલય, લોન ટેનીસ સ્કૂલ ઓફ એચિવર કુડાસણ, સ્વીમિંગ સરકારી જીમખાના, અને ચેસ શેઠ સી.એમ. હાઈસ્કૂલ સે. ૨૩ ખાતે તાલીમ આપવામાં આવશે.

નાગરિક સંરક્ષણની માસિક બેઠક

ગાંધીનગર શહેર નાગરિક સંરક્ષણ એકમની માસીક બેઠક તા. ૨૪-૪-૧૫ શુક્રવારના રોજ સાંજે પાંચ વાગે સિવિલ ડીફેન્સ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર ખાતે રાખેલ છે. તેમાં સર્વ વોર્ડનશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓને ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવે છે.

સેક્ટર-૨૯ જલારામ મંદિરે બાપાની પાવનકારી કથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના આંગણે જલારામ મંદિરે જલારામ બાપાની પાવનકારી કથા અને જલારામ દર્શન બુકનું વિમોચન કાર્યક્રમ યોજાશે.

સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે આગામી ૨૮ એપ્રિલથી જલારામબાપાનો પાવનકથા મહોત્સવ પ્રારંભ થશે. કથા દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન યોજાશે. કથાનું રસપાન પોતાની આગવી શૈલીમાં સતીષભાઈ ભટ્ટ કરાવશે. કથાના મંગલ પ્રારંભે કમીજણના પ.પૂ. સંતશ્રી જાનકીદાસ બાપુ અને પ.પૂ. સંતશ્રી ફુલશંકર શાસ્ત્રીજી વેદાંતાચાર્ય, દીપ પ્રગટાવશે. કથાની ૪ થી મે ના રોજ પૂર્ણાહૂતિ કરવામાં આવશે. અતિથિ વિશેષ તરીકે મહેન્દ્રસિંહ રાણા, મેયર ગાંધીનગર, ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર, આશિષ દવે ચેરમેન ગુડા, દિનેશ વ્યાસ સચિવ ઉપસ્થિત રહેશે.

કથા દરમિયાન તા. ૩જીના રોજ જલારામ દર્શન બુક વિમોચન કરવામાં આવશે. બુકના લેખક કનુભાઈ આચાર્યનું આ પ્રસંગે વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરની જનતાને ઉપસ્થિત રહેવા જલારામ સેવા સમાજના પ્રમુખે જણાવ્યું છે.

મૌનવ્રત સાથેના ભારત ભ્રમણમાં પણ મહાત્મા ગાંધીએ અસ્પૃશ્યતાની સમસ્યાને વાચા આપવા મૌન ત્યાજેલુ

૧ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ દક્ષિણ આફ્રિકાથી હિન્દુસ્તાન પરત આવેલા મહાત્મા ગાંધીએ રાજકીય નેતા અને ગુરુ માનેલા તેવા ગો.કુ. ગોખલેની સલાહ અનુસાર ભારતમાં ઉતાવળે કોઇ કાર્યમાં નહીં ઝંપલાવવા અને કોઇ પણ સાર્વજનિક પ્રશ્ન ઉપર કંઇ પણ બોલ્યા વિના એક વરસ સુધી ભારતની પરિસ્થિતિનું અવલોકન અને અભ્યાસ કરવાનું શરું કર્યું હતું.

આમ જોઇએ તો ગોખલેની સલાહ તો માથે ચડાવીને 'મૌન વ્રત' નું બંધન સ્વીકાર્યું છતાં પણ ઘણાં ભાગે મહાત્માએ જયાં બોલવા જેવું લાગ્યું ત્યાં ચૂપકીદી ત્યાજી હતી.

ભારત ભ્રમણના એ ગાળા દરમિયાન ગાંધીજી કસ્તુરબા સાથે તામિલનાડુની સફરે પહોંચ્યા હતા. તે સમયે વિવિધ સંસ્થા સંગઠનો દ્વારા દક્ષિણ આફ્રિકાની લડતના શિરમોર સત્યાગ્રહી એવા ગાંધી દંપતીનું સહિયારું સન્માન કરવાના કાર્યક્રમો યોજાતા હતા. તે સમયે દક્ષિણ ભારત દલિત વર્ગે પણ તેમને માનપત્ર અર્પીને સન્માનિત કર્યા હતા. ગુરુ ગોખલેએ આપેલી શિખને બાજુએ મુકતા તેમણે એ સમયે કહ્યું હતું કે, 'જયા સુધી હાલના શરમજનક ભેદભાવો મટે નહીં, અને કહેવાતાં દલિત વર્ગોનો દરજ્જો ઊંચો આવે નહીં તેમજ તેમને સમાન અધિકાર મળે નહીં, ત્યાં સુધી આપણા દેશબંધુઓએ આ વર્ગ તરફ વિશેષ ધ્યાન આપવાની અને એમને માટે દેશાભિમાનભર્યા, નિષ્ઠાપૂર્વકનાં અને વ્યવહારુ કામો કરવાની આવશ્યકતા છે.'

આઝાદી આવી એના લગભગ સાડા બત્રીસ વર્ષ પહેલાં પણ ગાંધીએ દલિતોની સાથેનાં હિન્દુ સમાજના અયોગ્ય વર્તન વ્યવહાર સંદર્ભમાં પોતાની વાણીને મૂક ન હોતી રાખી શક્યા. 'માયાવરમ્' ના એક અન્ય સત્કાર સમારંભમાં પંચમવર્ણના જ્ઞાતિજનો તરફથી મળેલા માનપત્રમાં તેમને પીવાના પાણી, જીવન જરૂરિયાતની ચીજો મળતી નથી કે જમીન ખરીદી શકતા નથી કે ધારણ કરી શકતા નથી. અન્યાય સામે દલિત ભાઇઓ અદાલતમાં પણ જઇ શકતા નથી આ તમામ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? એવો સવાલ મહાત્મા મૂકે છે.



હિન્દુ ધર્મનો જે કંઇ અભ્યાસ પોતે કર્યો છે તે ઉપરથી એમ લાગ્યું છે કે 'અસ્પૃશ્ય' કહી શકાય એવો એક સમૂહને પોતાની અંદર અલગ રાખી મૂકવાની વાત હિંદુ ધર્મનું અંગ નથી. જો કોઇ એ સાબિત કરી બતાવે કે હિન્દુ ધર્મનું એ આવશ્યક અંગ છે તો હું હિન્દુ ધર્મ સામે જ ખુલ્લો બળવો કરીશ એવી સ્પષ્ટ વાત કરતા મહાત્મા ગાંધી પુનઃ પ્રશ્ન દોહરાવે છે - અસ્પૃશ્યતાના આ વર્ગ મોટ જવાબદાર કોણ છે? મને કહેવામાં આવ્યું છે કે કોઇ જગ્યાએ બ્રાહ્મણો છે ત્યાં તેઓ જ પોતાની શ્રેષ્ઠતાનો અધિકારપૂર્વક લાભ ઉઠાવી રહ્યા છે. જો તેઓ શ્રેષ્ઠતા ભોગવી રહ્યા હોય તો તે પાપ તેમના શિરે રહેશે એવો મત વ્યક્ત કરે છે, સાથોસાથ ભગવદ્ગીતાનો એક શ્લોક સંદર્ભ ટાંકીને કહે છે, 'સાચો બ્રાહ્મણ એ છે કે જે પંડિત અને પરિયા બંને પ્રત્યે સમદર્શી છે.'

સન્માન સમારંભમાં રજૂ થયેલા ઠરાવોમાં એક ઠરાવ સ્વદેશી વિશેનો હોવા બાબતની નોંધ લેતા મહાત્મા ગાંધી સ્વદેશી વિષેના ઠરાવનું રહસ્ય મારે કેવી રીતે શીખવું? મારા નેતાઓ અને મચ્યાવરમ્ના લોકોને ચરમે બેસીને કહું છું કે આ રહસ્ય ભેદ ખુલ્લો કરે, એનો અર્થ મને સમજાવે, મને શીખવે કે સમજાવે કે શું સ્વદેશીનો અને રાષ્ટ્રીય ચળવળનો એક ભાગ છે કે જે લોકો ઘરબાર વિનાના છે, જેઓ અન્નપાણી વિના ટળવળી રહ્યા છે તેમની માગણી તરછોડવી અને તેમને ભગાડી મૂકવા?

ગાંધીના ભારતને સમજવાના પરિભ્રમણના પ્રસંગે જુદા જુદા વિસ્તારોમાં ઉપલી જ્ઞાતિઓ અને ઉપલા વર્ગના પ્રતિનિધિઓ દ્વારા જ તેમના સન્માન સમારંભો યોજાતા હતા એ સ્વાભાવિક હતું છથાં ગાંધી આયોજકોના સન્માન અને સન્માનપત્રોના સ્વીકાર કરતી વખતે અસ્પૃશ્ય જ્ઞાતિજનોના હિતાર્થે - સમરસ સામાજિક વ્યવસ્થા હિન્દુ સમાજમાં ઊભી થાય એ માટે ટૂંકા શબ્દોમાં સચોટ રીતે પોતાની વાત અચૂક રજુ કરતાં હતા. આ ઉપરાંત ઉપસ્થિત મહેમાનો અને યજમાનોને 'જયારે પણ અને જયાં પણ બંધારણીય આંદોલન કરવાની જરુર પડે ત્યારે સત્યાગ્રહનો આશ્રય લેવા અનુરોધ કરતા હતા.'

ગોડસેની ગોળીએ ગાંધી બાપુને સદેહે આપણી વચ્ચેથી લઇ લીધા હતા. આથી બંધારણ ઘડતરની પ્રક્રિયામાં સમયે ગાંધીની ગેરહાજરી હતી, પરંતુ જ્ઞાતિવિહીન સમાજરચના અને સ્પૃશ્ય - અસ્પૃશ્યના ભેદમાંથી પાંગરેલી સામાજિક આભડછેટ અને બંધનોમાંથી મુક્તિ વાળા ભારતીય સમાજના ઘડતરના ગાંધી વિચારો આપણે તેમનાં સમગ્ર જીવનમાં મળે છે. જે પૈકી પ્રસ્તુત લેખમાં ૯ જાન્યુારી ૧૯૧૫થી માત્ર ૧મી મે, ૧૯૧૫ના માત્ર પાંચ મહિનાના સમયમાં કેળવવાના 'મૌનવ્રત' સમા પરિભ્રમણ સમયે પણ તેમણે અસ્પૃશ્યોની વ્યથા કથાને જાણીને આ વિતક કથાઓમાંથી માર્ગ કાઢવા માટેના વકતવ્યો આપવામાંથી પોતાની જાત અળગી રાખી શક્યા ન હતા.

સંદર્ભ :
૧. ટ્રાન્કવીબારના સત્કાર સમારંભમાં ભાષણ : પૃષ્ઠ- ૬૪
૨. ટ્રાન્કવીબારમાં દલિત વર્ગ સંઘના માનપત્રોનો જવાબ : પૃષ્ઠ - ૬૫
૩. માયાવરમ્ના સત્કાર સમારંભમાં ભાષણ : પૃષ્ઠ - ૬૫
તમામ ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ - ૧૩, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪

(લેખક : સમાનશાસ્ત્રના અધ્યાપક છે.)